## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન, આમને રોડ પર જતા વારંવાર થાંભલા સાથે ભટકાવાનું કારણ એમની આંખની ખામી નથી... પણ આ મોબાઈલ છે જેના પરથી નજર હટાવતા નથી...!!

# ૨૧મી એપ્રિલના રોજ મુખ્યમંત્રી દ્વારા બિનસચિવાલયી કારકુનો અને સચિવાલયના ઓફિસ આસિટન્ટને નિમણુંક પત્રો આપશે

ગાંધીનગર, તા. ૧૮

આગામી ૨૧મી એપ્રિલના રોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદગી પામેલા ઓફિસ આસિટન્ટ તેમજ બિન સચિવાલયના કારકુનોના ૪૬૮૧ સફળ ઉમેદવારોને નિમણુંક પત્રો એનાયત કરવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે સવારે ૧૦ વાગે યોજાયેલ આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ વિશેષ હાજર રહેનાર હોવાનું જાણવા મળેલ છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આ અંગેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ બે તબક્કામાં લેવામાં આવી હતી. આ પછી બન્ને પરીક્ષાને અંતે સફળ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી.

૬૭ જેટલી કચેરીઓના કારકુનો તેમજ સચિવાલયની વિવિધ કચેરીઓના ૪૨૭ જેટલા ઓફિસ આસિટન્ટની ભરતી માટે ૧૬-૧૦-૧૬ અને ૩-૧-૧૭થી ૧૨-૧-૧૭ દહરમ્યાન એમ બે તબક્કામાં પરીક્ષાઓ લેવામાં આવી હતી. ૬ લાખથી પણ વધુ અરજદારોએ આ માટે અરજીઓ કરી હતી. જેમાંથી ૪,૯૨,૫૭૮ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા.

છેલ્લા એક માસથી આ સફળ ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી અંગેની કામગીરી કર્મયોગી ભવન ખાતે ગૌણસેવા આયોગની કચેરીમાં ચાલતી હતી જે આંજે સંપન્ન થઈ છે.

આ અગાઉ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પણ ત્રણ હજારથી વધુ સફળ થયેલા ઉમેદવારોને નિમણુંકપત્રો આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આમ આ એક જ માસમાં ૮ હજાર જેટલા કર્મચારીઓની ભરતી સરકાર દ્વારા કરવામાં આવી રહી છે જે ઉલ્લેખનીય છે.



ગાંધીનગર જિલ્લા ક્રાઈસિસ ગ્રૂપ અને ગુજરાત ગેસ કંપનીના સંયુક્ત ઉપક્રમે આજરોજ કલોલ તાલુકાના સઈજ ગામ નજીક આવેલા સી.એન.જી ગેસ સ્ટેશન ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલમાં ગુજરાત ગેસ કંપનની સઈજ ગામ નજીક આવેલા સી.એન.જી. ગેસ સ્ટેશન ખાતે પ્રેસર રેગ્યુલેટર સ્કીટમાં હેવી ગેસ લીકેજ થવાના કારણે મોટી આગ લાગવાની ઘટના બની હતી. આગને ગુજરાત ગેસ કંપનીની ટીમ દ્વારા નિયંત્રણમાં લેવાના અથાગ પ્રયત્ન કરવામાં આવ્યા હતા. પરંતુ તેમાંથી આગ નિયંત્રણમાં આવી ન હતી. જેથી ઓફસાઈટ ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી.

## ગાંધીનગર સહિત રાજયમાં ગરમી યથાવત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સહિત રાજયના જુદા જુદા ભાગોમાં મહત્તમ તાપમાનમાં આંશિક વધારો નોંધાયો છે. હિટવેવની ચેતવણી વચ્ચે મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ગાંધીનગરમાં પારો ૪૨.૫ ડિગ્રી જ્યારે ઈડરમાં ૪૨.૨ ડિગ્રી પારો નોંધાયો હતો. અમરેલીમાં પણ મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું. ગરમીના પ્રકોપના કારણે સામાન્ય લોકો હજુપણ પરેશાન થયેલા છે. તેમની પરેશાની હાલ દૂર થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હોવા છતાં સાવચેતીના પગલારુપે લોકો બહાર નિકળી રહ્યા નથી.

# ડેપોમાં આકરી ગરમીમાં મુસાફરો પરેશાન શહેરી બસ સ્ટોપ પરના પંખા બંધ

### મોડેલ ડેપો બનાવાની યોજના અધ્ધરતાલ : રાજકોટની વોલ્વો બસ હવે સુરત રૂટમાં શરૂ કરાઇ

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાનુ સ્વપ્ન હજુ સાકાર થયુ નથી. ત્યારે આકરી ગરમીમાં પણ ડેપો સંકુલમાં મુસાફરો માટે કોઈ સુવિધા નથી. જયારે શહેરી બસ સ્ટોપ પર મુકાયેલા પંખા પણ બંધ હાલતમાં છે. ગાંધીનગર ડેપોથી રાજકોટ રૂટની વોલ્વો બસનો રૂટ બંધ કરી આ સેવાને સુરત રૂટમાં દોડાવાનુ શરૂ કરાયુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ પણ સાકાર થઈ નથી. ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાના નામે હજુ પણ મીંડુ ચિતરાયેલુ છે. ડેપોમાં સલામતી વ્યવસ્થા હજુ પણ ગોઠવાઈ શકી નથી. લાંબા સમયથી પોલીસ ચોકી કાર્યરત કરવા માટે જગ્યાની પસંદગી પણ કરી દેવાઈ છે. છતા પોલીસ તંત્ર અને ડેપો વચ્ચે આ પ્રશ્નને ખો આપવાની નિતી અપનાવાઈ છે. ડેપો સંકુલમાં વારંવાર તસ્કરો હાથફેરો કરી લે છે. આમછતા સલામતી વ્યવસ્થાને યોગ્ય કરવા માટે ડેપો તેમજ પોલીસતંત્ર હજુ પણ ગંભીર નથી. આવા સંજોગોમાં આકરી ગરમીના દિવસોમાં ડેપો કક્ષાએ મુસાફરો માટે જરૂરી સુવિધાઓનો પણ અભાવ વર્તાય છે. ડેપોમાં શહેરી બસ સ્ટોપ પર મુસાફરો માટે બે ત્રણ પંખા મુકવામાં આવ્યા હતા પરંતુ હાલ આકરી ગરમીની ઋતુમાં પંખા પણ બંધ હાલતમાં છે. વેકેશન અને ગરમીની સિઝનમાં મુસાફરોને સમયસર બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે ડેપો કક્ષાએથી યોગ્ય આયોજન કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે ગરમીમાં ઠંડા પાણીની સાથે પંખા સહીતની સુવિધાઓ સંદર્ભે ડેપો મેનેજર દ્વારા જરૂરી અભ્યાસ કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. વધુમાં રાજકોટ રૂટની વોલ્વો બસ સેવા બંધ કરી આ બસને સુરત રૂટમાં દોડાવાનુ શરૂ કરવામાં આવ્યુ છે.

# ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના બીન અધિકૃત હોદ્દેદારોને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળની ખાસ સામાન્ય સભા આજરોજ સર્કીટહાઉસ હોલ, ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં સરકારના વિવિધ વિભાગોના કર્મચારી મંડળોના પ્રમુખ, મહામંત્રી, જિલ્લા કન્વીનરો અને આશરે ૮૦ની સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરી હતી. મુખ્યત્વે હાલમાં કર્મચારી મહામંડળમાં બીનઅધીકૃત રીતે બની બેઠેલ પ્રમુખ સંજય પટેલ મહામંત્રી ગિરીશ પટેલ, ખજાનચી કાન્તીભાઈ પરમાર દ્વારા કાર્યાલયનો કબ્જો કરવામાં આવેલ છે. જેને સર્વાનુમતે વખોડી કાઢવામાં આવ્યો હતો. અને તેઓને પાંચ વર્ષ સુધી મહામંડળમાંથી સસ્પેન્ડ કરવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો છે. તદ્ઉપરાંત અધીકૃત કરેલ હોદ્દેદારો કાર્તિક ત્રિવેદી પ્રમુખ તથા આર.એચ. પટેલ મહામંત્રીના સમર્થનમાં સૌએ કામગીરી કરવાનો ઠરાવ પણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. સાથે સાથે ગુજરાત રાજ્ય સંકલન સમિતી કે જેમાં તમામ હોદ્દેદારો વયનિવૃત્ત થયેલ છે. જેથી કર્મચારી મહામંડળ તેમાં આજથી જોડાશે નહિ. તેવું પણ ઠરાવવામાં આવ્યુ. કર્મચારીઓના પ્રશ્નો બાબતે ફક્ત ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ અન્ય સંગઠનો સાથે ચર્ચા પરમર્શ કરી સરકાર સાથે વાટાઘાટો કરી ઉકેલ લાવવાનો પ્રયત્ન કરશે. તેમ કર્મચારી મહામંડળના મહામંત્રી આર.એચ. પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.




શહેરના વિવિધ માર્ગો પર લાખોના ખર્ચે સાઈન બોર્ડ લગાવાયા છે. પરંતુ સાઈન બોર્ડમાં ભુલોની ભરમાર છતી થયા બાદ ક્ષતિઓ સુધારવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.પરંતુ આમ નાગરિકાને રાહ ચિંધતા સાઈન બાર્ડસની જાળવણી માટે તંત્ર કક્ષાએ ભારે ઉદાસીનતા સેવાઈ રહી હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરના ક માર્ગ પર તોતિંગ સાઈન બાર્ડ હાલ ભયજનક હાલતમાં છે. મહાત્મા મંદિર સહીતના સ્થળો અંગે દિશા નિર્દેશ કરતુ બોર્ડ લટકતી હાલતમાં છે. ત્યારે કોઈ અકસ્માત સર્જાય તે પહેલા યોગ્ય કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે.



ખાતમુહૂર્ત : ગાંધીનગરના પાદર સમા કોલવડા ખાતે કોલવડા, પુન્દ્રાસણ, ઉવારસદ માર્ગનું ખાતમુહૂર્ત ધારાસભ્ય અશોકભાઈ પટેલના હસ્તે કરાયું હતું. મુખ્યમંત્રી સડક યોજના હેઠળ માર્ગની મંજુરી અપાઈ છે.

# ટીંટોડા ખાતે અખાત્રીજે ૨૫ તપસ્વીઓના સામુહિક વર્ષીતપના પારણાં યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે તા. ૨૯મી એપ્રિલ શનિવારે અખાત્રીજના શુભ મુહુર્તે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા ૨૫ વર્ષીતપના તપસ્વીઓના પારણાં યોજાશે. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સામુહિક વર્ષીતપના પારણાંનું આયોજન કરવામાં આવ્યું છે.

સામુહિક વર્ષીતપના પારણા પ્રસંગે જૈન મુનિઓ પૂ.વિ. ભદ્રસેન સુરિજી મ.સા. તથા પૂ.અચલચંદ્રવિજય મ.સા. શુભ નિશ્રા પ્રદાન કરશે. આ પ્રસંગે સાધ્વી પૂ. સ્મિતદર્શનાશ્રીજી મ.સા. વર્ષીતપનું પારણું કરશે તથા પૂ. ભવ્યદર્શના શ્રીજી મ.સા. વર્ષીતપની ૮૬મી ઓળીનું પારણું કરશે. આ શુભ પ્રસંગે ટ્રુ વેલ્યુ નિર્માણ કંપનીના ગૃપ ચેરમેન તથા એમડી મનિષભાઈ શાહ સાદુ સાધ્વીજી તથા તપસ્વીઓને પારણાં કરાવશે. તા. ૨૩મી એપ્રિલે આદિશ્વર દાદાના જીનમંદિરમાં અઢાર અભિષેક કરાશે ત્યારબાદ તા. ૨૯મી એપ્રિલે સવારે ૧૧ કલાકે તપસ્વીઓના પારણાં કરાવાશે. આ દિવસે રાત્રે ૮ કલાકે દેરાસરમાં પ્રભુજીની ભવ્ય આંગી રચના કરાશે. આ ઉપરાંત તા. ૫મી મે શુક્રવારે આદિશ્વર દાદની ૪૫મી સાલગીરી મહોત્સવ ઉજવશે. આ સમૂહવર્ષી તપના પારણામાં બાળજીવોએ કરેલ તપશ્ચર્યાના તપસ્વીઓના પારણા સમ્યક અસીત શાહ પરિવાર દ્વારા કરાવાશે.

# ચિલોડા ખાતે કૃષિ અને સહકાર ખાતાની વિવિધ યોજનાઓમાં સહાય મેળવવા ઓનલાઈન અરજી માટે ખેડૂતો વ્યસ્ત

ચિલોડા, તા.૧૮

તાલુકાના ચિલોડા ખાતે ગ્રામ પંચાયતની કચેરી ઈ.ગ્રામ સેન્ટરમાં વી.સી.ઈ તરીકે બિરેન પટેલ વિશિષ્ટ કામગીરી બજાવી રહ્યા છે. હાલમાં ઓનલાઈન દ્વારા ખેડૂતો ૭/૧૨, ૮એ, હક્કપત્રક, લાઈટબીલ, ગેસબીલ વગેરે કામગીરી ચાલી રહી છે. હાલમાં કૃષિ અને સહકાર વિભાગ હેઠળના ખાતાની વિવિધ યોજનામાં કૃષિ યાંત્રિકરણ, પશુપાલન, આંતરદેશીય મત્સ્યોદ્યોગ યોજના, મરઘાંપાલન, ફુલ-ઔધષિય સુગંધિત, પાકોના વાવેતર, દરિયાઈ મત્સ્યોદ્યોગ યોજના, ફળ પાકોના વાવેતર, પાક સંરક્ષણના ઘટકો બજાર વ્યવસ્થા બાગાયત, બજાર વ્યવસ્થા બાગાયત યાંત્રિકકરણ, સિંચાઈ સુવિધા માટેના ઘટકો બિયારણ-મધમાખી ઉછેર, રક્ષિતખેતી, રોગ જીવાત નિયંત્રણ, ખાતર વ્યવસ્થા, સંકલિત પોષણ શાકભાજી પાકોના વાવેતર, સેન્દ્રિય ખેતી વગેરેની સહાય મેળવવા ઓનલાઈન અરજીઓ કરવા માટે આઈ, ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકેલ છે. પરિણામે ચિલોડા વિસ્તારના ઈસનપુર મોટા, શિહોલી મોટા, મહુન્દ્રા, ધણપ, ડભોડાના ખેડૂતો પોતે જમીનો ખાતાનંબર બેંકની પાસબુક, આધારકાર્ડ, રેશનકાર્ડની નકલો સાથે રજીસ્ટ્રેશન કરાવવા વ્યસ્ત બન્યા છે.

# જિલ્લામાં પાંચ પીઆઈ અને આઠ પીએસઆઈની આંતરીક બદલી

### એલસીબીના જુગારધામ પર દરોડા બાદ ચાર પોલીસ જવાનો સસ્પેન્ડ થયા હતા તે રખિયાલ પોલીસ સ્ટેશનના પીએસઆઈની પણ બદલી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના પાંચ પીઆઈ અને આઠ પીએસઆઈની આંતરીક બદલીઓના આદેશ જિલ્લા પોલીસ વડાએ જારી કર્યા છે. તાજેતરમાં એલસીબીની ટીમે રખિયાલ પોલીસ સ્ટેશન નજીક જ ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો અને આ પ્રકરણમાં ચાર પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ જ રખિયાલ પોલીસ સ્ટેશનના પીએસઆઈનું નામ પણ બદલીની આ યાદીમાં સમાવવામાં આવ્યું છે.

સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઈ મિનાક્ષીબેન પટેલને મહિલા પોલીસ સ્ટેશનમાં, સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સેકન્ડ પી.આઈ. બી.જે. વ્યાસને ટ્રાફીક પોલીસ સ્ટેશનમાં, દહેગામ પી.આઈ. વાય.આર. વાઘેલાને કલોલ તાલુકામાં, કલોલ તાલુકાના પીઆઈ ટી.એલ. વાઘેલાને સેક્ટર-૭ સેકન્ડ પીઆઈ તરીકે અને લીવ રીઝર્વ કંટ્રોલ રૂમમાંથી જે.એ. પ્રજાપતિને સે. ૨૧ સિનિ. પીઆઈ તરીકે મુકવામાં આવ્યા છે. તે ઉપરાંત આઠ પીએસઆઈમાં સે. ૨૧માંથી વી.આર. વસાવાને માણસા, અડાલજમાંથી પી.સી. સરવૈયાને સાંતેજ, રખિયાલમાંથી એચ.જી. દેસાઈને અડાલજ, માણસામાંથી જે.ડી. દેવડાને રખિયાલ, લીવ રીઝર્વમાંથી એ.જે. પટેલને ટ્રાફીક પોલીસ સ્ટેશન, એસ.એસ. ચાવડાને કલોલ શહેર, જે.એચ. મકવાણાને ઈન્ફોસીટી અને શિલ્પાબેન એમ. ચૌધરીની ટ્રાફીક પોલીસ સ્ટેશન બદલી કરવામાં આવી છે.

# આર્જેન્ટીના ખાતે મહત્વની બેઠકો યોજતા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા

ગાંધીનગર, તા. ૧૮

કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે, શીપીંગ, કેમિકલ્સ અને ફર્ટીલાઈઝર્સ મંત્રી મનસુખભાઈ માંડવિયા હાલ આર્જેન્ટીના અને બ્રાઝિલના પ્રવાસે છે. આ દરમ્યાન પ્રથમ દિવસે મહત્વની ત્રણ બેઠકો યોજવામાં આવેલ છે.



પ્રથમ બેઠક આર્જેન્ટીનાની બ્યુનોસ એરેસ યુનિવર્સીટીના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ હતી. જેમાં ભારત સરકાર CIPET અને યુનિવર્સીટી વચ્ચે મહત્વના MOU કરવામાં આવેલ છે. આ MOUથી ભવિષ્યમાં સ્ટુડન્ટ અને ફેકલ્ટી એકસચેન્જ શકય બનશે તથા પોલીમર મટીરીયલના ઉચ્ચ સંશોધનો સંયુકત ઉપક્રમે હાથ ધરવામાં આવશે. બીજી બેઠક આર્જેન્ટીનાના પ્રોડકશન મીનીસ્ટર સાથે યોજાયેલ હતી. જેમાં બાયોપોલીમર અને બાયોપોલીમર આધારીત પ્લાસ્ટીકના સંશોધન, ઉત્પાદન અને ટેકનોલોજી ટ્રાન્સફર અંગે મહત્વની ચર્ચાઓ હાથ ધરવામાં આવેલ. આ ઉપરાંત દહેજ ખાતેના પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ રીઝીયન ખાતે રોકાણ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ.

ત્રીજી બેઠક લેટીન અમેરીકન એસોસીએશન ઓફ કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલના પ્રતિનિધિઓ સાથે યોજવામાં આવેલ. જેમાં પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ રીઝીયનમાં મૂડી રોકાણ અંગે ચર્ચા થયેલ. ઉપરાંત બન્ને દેશો વચ્ચે ટેકનોલોજી ટ્રાન્સફર સંશોધન ક્ષેત્રે કોલોબ્રેશન અંગે પણ ચર્ચા થયેલ. વધુમાં 'ઈન્ડીયા કેમ-૨૦૧૮' એક્ષ્પોમાં ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેવું એક નિવેદનમાં કેન્દ્રીય મંત્રીના કાર્યાલય દ્વારા જણાવવામાં આવેલ છે.

# ગૌ હત્યા પ્રતિબંધી ધારો અમલમાં આવતા શહેરના માલધારીઓમાં ખુશીનું મોજુ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકાર દ્વારા ગૌહત્યા પ્રતિબંધ ધારો સમગ્ર ગુજરાતમાં અમલમાં લાવવા બદલ સમગ્ર ગુજરાતના માલધારીઓમાં ખુશી છવાઈ છે. જેના પગલે આજે ગૌ ગૌચર ગોપાલક, પશુપાલન અને ગૌ રક્ષા ટ્રસ્ટ, ગાંધીનગર તેમજ ગુજરાત પ્રદેશ માલધારી વિકાસ સંઘ, ગાંધીનગર દ્વારા મોટી સંખ્યામાં માલધારી સમાજ ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનરની કચેરીએ મ્યુનિસિપલ કમિશરને ગુજરાત સરકાર દ્વારા ગૌહત્યા પ્રતિબંધ ધારો સમગ્ર ગુજરાતમાં અમલ કરાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરમાં સે. ૧૨ ઉમિયા માતાજીના મંદિરેથી મોટી સંખ્યામાં માલધારી સમાજ એકત્રીત થઈ મ્યુનિસિપલ કમિશનરને અભિનંદન પાઠવી કમિશનરના હસ્તે ગૌ પૂજન કરાવવામાં આવ્યુ હતુ. આ દરમ્યાન ભાજપના વરિષ્ઠ નગર સેવક અને માલધારી સમાજનું ગૌરવ રત્ન નાજાભાઈ ધાંધર વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. ગુજરાત સરકાર દ્વારા ગૌ હત્યા પ્રતિબંધ ધારો સમગ્ર ગુજરાતમાં અમલમાં લાવવા બદલ સમગ્ર ગુજરાતના માલધારીઓ તેમજ ગાંધીનગર મહાનગરમાં વસવાટ કરતા આશરે ૩૦૦૦થી વધુ માલધારીઓએ ગુજરાત સરકારના ગૌહત્યા પ્રતિબંધીત આ ઠરાવ પ્રસ્તાવને હૃદયપૂર્વક આવકારીને ધન્યતાની લાગણી અનુભવીને ગાંધીનગર મહાનગરના મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર તેમજ મેયર, ડેપ્યુટી મેયર તથા સમગ્ર કોર્પોરેશન ટીમને અંતઃકરણ પૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

આજે ગૌ ગૌચર ગોપાલક, પશુપાલન અને ગૌરક્ષા ટ્રસ્ટ, ગાંધીનગર તેમજ ગુજરાત પ્રદેશ માલધારી વિકાસ સંઘ, ગાંધીનગર દ્વારા નિકળેલ અભિનંદન પ્રસ્તાવ રેલીમાં ગૌ ગૌચર ગોપાલક, પશુપાલન અને ગૌ રક્ષા ટ્રસ્ટના અધ્યક્ષ ગણેશભાઈ રબારી, રણછોડભાઈ રબારી તેમજ ગુજરાત પ્રદેશ માલધારી વિકાસ સંઘ, ગાંધીનગરના પ્રમુખ વાલજીભાઈ રબારી, મહામંત્રી મફતભાઈ દેસાઈ સાથે ગાંધીનગર મહાનગર ભાજપ માલધારી સમાજના વરિષ્ઠ આગેવાનો રાજુ દેસાઈ, કનુભાઈ સોજા, વિગેરે મોટી સંખ્યામાં માલધારી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**

**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ**

**જાહેર નિવિદા નં.૨ /૨૦૧૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે મુજબના કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૨૧/૪/૨૦૧૭થી તા. ૧૧/૫/૨૦૧૭ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડૉક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | તા. ૧૯/૫/૨૦૧૭ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | તા. ૧૨/૫/૨૦૧૭ સમય ૧૨.૩૦ કલાક |

| | | |
|---|---|---|
| ૧. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર એસઆર ઈન તાલુકા ગાંધીનગર પે.નં. એસઆર/ગાંધીનગર/૨૦૧૬-૧૭, તા.જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૧,૬૧,૫૭,૧૦૩.૩૨ |
| ૨. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર એસઆર ઈન તાલુકા દહેગામ, પે.નં. એસઆર/દહેગામ/૦૩/૨૦૧૬-૧૭ તા. દહેગામ, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૭૩,૧૬,૨૭૯.૪૬ |
| ૩. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર OWR ઈન તાલુકા દહેગામ પે.નં. NEW Road/OWR/દહેગામ/૧૧/૨૦૧૬-૧૭, તા. દહેગામ, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૧,૭૫,૫૯,૫૬૯.૮૬ |
| ૪. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર એસઆર ઈન તાલુકા કલોલ પે.નં. એસઆર/કલોલ/૦૨/૨૦૧૬-૧૭, તા. કલોલ, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૮૧,૦૨,૯૮૩.૬૦ |
| ૫. | કન્સ્ટ્રક્શન ઓફ વેરીયસ રોડ અન્ડર એસઆર ઈન તાલુકા માણસા પે.નં. એસઆર/માણસા/૦૪/૨૦૧૬-૧૭, તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૭૭,૪૫,૭૪૭.૬૫ |
| ૬. | કન્સ્ટ્ર. ઓફ વેરીયસ રોડ અન્ડર MMGSY SCSP ઈન તાલુકા માણસા પે.નં.MMGSY/SCSP/MANSA/૧૧/૨૦૧૬-૧૭ તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૨,૭૩,૫૭,૩૭૨.૧૮ |
| ૭. | કન્સ્ટ્ર.ઓફ વેરીયસ રોડ અન્ડર MMGSY OWR ઈન તાલુકા માણસા પે.નં. MMGSY/OWR/MANSA/૧૨/૨૦૧૬-૧૭ તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૬૯,૫૩,૮૧૩.૪૬ |
| ૮. | કન્સ્ટ્ર. ઓફ વેરીયસ રોડ અન્ડર MMGSY SCSP ઈન તાલુકા માણસા પે.નં. MMGSY/SCSP/MANSA/૧૨/૨૦૧૬-૧૭, તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૨,૨૪,૩૦,૨૦૭.૧૩ |
| ૯. | કન્સ્ટ્રક્શન ઓફ સીસી રોડ અન્ડર સુવિધાપથ તા. જિ. ગાંધીનગર (વેસ્ટ) | અં. રકમ રૂ. ૪૮,૭૨,૨૩૯.૫૮ |
| ૧૦. | કન્સ્ટ્ર.ઓફ વેરીયસ રોડ અન્ડર SCSP ઈન તાલુકા માણસા પે.નં. SCSP/MANSA/૧૩/૨૦૧૬-૧૭, તા. માણસા, જિ. ગાંધીનગર | અં. રકમ રૂ. ૨,૮૨,૩૨,૫૯૪.૭૮ |
| ૧૧. | કન્સ્ટ્રક્શન ઓફ વાવોલ-છત્રાલ એસ.એચ.થી કૃષ્ણનગર એપ્રોચ રોડ, તા. જિ. ગાંધીનગર | અં.રકમ રૂ. ૪૯,૨૫,૬૪૮.૦૧ |
| ૧૨. | કન્સ્ટ્રક્શન ઓફ સીસી રોડ અન્ડર સુવિધાપથ, તા. જિ. ગાંધીનગર (ઈસ્ટ) | અં. રકમ રૂ. ૪૯,૫૦,૦૦૦.૦૦ |

માહિતી/૧૪૬/૧૭-૧૮